૧

જેનું લોહી ચોખ્ખું નથી,
એની શાહી ક્યાંથી હોય?

કલમમાં... કબીરની,
બાદશાહી ક્યાંથી હોય?

૨

દિલને ત્યારે બહુ,
ખોટું લાગી જાય!

લોક રમાડવા લઈ જાય,
કોઈ રાખવા લઈ જાય?

૩

એની એ જ કથા,
સવારથી સાંજની...

બટન મોટું,
ને નાનકડા ગાજની!

૪

મુલાકાત તો ઘણી થતી.
એમને...
મળવાનું બસ રહી જતું!

૫

બહુ વિચાર્યું...!

પછી લાગ્યું,
'બહુ વિચાર્યું!'

૬

ના ગણ, એમાં કેટલા છે કાણાં!

સજ્જનનો લિબાસ છે,
નિરખ... તાણા – વાણા!

## ૭

ક્યારેક એકલો પડું,
ને તું યાદ એમ આવે...

દાદાના દુખતા પગને...
બાળક... જાણે દબાવે!

## ૮

જે પલાળે, ઈ નહીં,
જે કોરા પડવા નો દે..
ઈ વરહાદ!

## ૯

ગાલ પર એમના,
એવી તે લાલી..!

જાહોજલાલી!
જાહોજલાલી!

10

રાખી રાખીને કોઈ,
હિંમત કેટલી રાખે?
તૂટેલાં બારણાંને...
તાળાં કેટલાં વાખે?

11

અમને આંક્યા
જંત્રી–ભાવે!

એ ઊપડી ગ્યાં...
બજાર–ભાવે!

12

એટલું ખરું...
પ્રશ્નો ગરીબના,
અમીર ઘણા હોય છે!

13

નાનાં તો મનાઈ જશે!
મોટા માટે 'માનતા' રાખો!

14

ક્યારેક... કાગળ કોરા આવતા!
એ ય અમે તો વાંચતા!

ફેલાયેલી શાહી પરથી...
આંસુ લૂછી નાખતા!

15

સાહેબ, આ તો
મોકાની જગ્યાના ભાવ છે!

Smile ઈંયોનું,

એક રૂમ-રસોડાનું... પણ,
વિલા કે ફાર્મ-હાઉસના ભાવ છે!

16

આટલું ભુલકણું કોઈ હોતું હશે?
ચહેરો ભૂલીને... કોઈ જતું હશે?

17

નક્કી આકાશમાંથી
કોઈ દૈવી તત્ત્વ ખર્યું હશે!

આ રૂપ, આ નિખાર, આ ઠસ્સો,
આ ચાલ...
'Made in India' હોતું હશે?

18

તારી આંખમાંથી ટપક્યું,
એકાદ ટીપું આંસુ...

હું દોડું... તે પહેલાં દોડ્યાં,
મારી આંખમાંથી આંસુ!

19

સાહેબ, પાક્કી શ્રદ્ધા હોય,
તો જ એવું થાય!

તું મલકે... ને મ્હારે,
પૂનમો ભરાય!

20

ભૂરા, એટલું તો પાક્કું!
'જે સપનામાં આવે,
ઈ... સપનામાં જ આવે!'

21

ભૂરા, હોઈ શકે,
એ નફરતથી જોતા'તા!

પણ 'મા કસમ!'
એ જોતા'તા!

## 22

'ખા મારા સમ!'
એમ કોઈ કહે,
તો એટલું વ્હાલું લાગતું!

આ...
'I love you!'
ખબર નહીં, આમાં...
એ Feel નથી આવતું!

## 23

જિંદગીથી જ્યારે,
ઓછું આવી જાય છે,

પહેલો ફોન મારો...
દીકરીને જાય છે!

## 24

કન્યાવિદાય વખતે,
અજાણ્યા બી રુવે છે!

આંસુ... ક્યાં કોઈનું,
આધાર-કાર્ડ જુએ છે?

## 25

'મોજમાં રહીએ'
એટલી જ અરજી!

બાકી તો માલિક...
તારી મરજી!

## 26

દરવાજાની આડશમાંથી
ત્રાંસું તારું જોવું...!

દીદાર દુજના ચાંદનો, ને...
અજવાળું પૂનમનું હોવું!

## 27

કમાડ...
બહાર ખોલો તો આંગણ ખૂલે,
અંદર ખોલો તો... આકાશ!

## 28

કેવાં સુંવાળાં સપનાં સેવ્યાં'તાં,
રહીને જોડે જોડે!

આજે એમણે કાઢ્યો ઉઘાડ!
કહે છે... 'Just friends' બનીને
રહીએ.

'અલ્યા, જમીનનો ટુકડો છું,
તે હેતુફેર કરીએ?'

29

અમે કર્યા આંટાફેરા,
ને કો'ક ફરી ગયું ફેરા!

માલિક, White ના માલ ઉપર...
આવા આકરા વેરા?

30

તમે કહો કે,
'Please... હું ટૂટી ગયો છું,
Leave me alone!'
શું એ બસ છે?

લોકોને તો...
તિરાડો જોવામાં
પણ રસ છે!

31

ભાઈ, મજબૂર માણસને
હસવાનું કહો છો?

ફાટેલા દૂધની...
ચાનું કહો છો?

32

'બે દૂની ચાર'
આટલી simple હતી વાત!

આ તો જવાબ મોટો કરવા ગ્યો,
એમાં... જિંદગી ટૂંકી કરી નાખી!

33

મેં ય વિચાર્યું'તું,
'કંઈક બનું!'

લોક મને...
બનાવતું ગયું, બનાવતું ગયું!

## 34

ઘણું ચાહ્યું,
'જિંદગીને બથ ભરીને...
કરું એની સાથે ગેલ!'

ક્યારેક હાથ પડ્યા ટૂંકા,
ક્યારેક જિંદગીની સાઇઝ... 'XXL'!

## 35

કેટલીક યાદો, હલકીફૂલકી હોય છે!
વજન ના હોય, બોજો હોય છે!

## 36

તાણી તાણીને,
જખમ સીવી લીધા છે!
હવે જખમ નહીં,
ટાંકા વિતાડે છે!

37

દુઃખને એણે એવું તે દબાવીને
રાખ્યું'તું...
આ તો જોશથી હસવા ગયો,

ને રડી પડ્યો... ત્યારે ખબર પડી...
બારણું કેટલું જોશથી વાખ્યું'તું!

38

હાથ ઝાલીને...
જોષીડો બોલ્યો,

'પહેલી વાર...
કોઈએ હાથ ઝાલ્યો લાગે છે!'

## 39

વાત એટલી જ કે,
ચોપડીમાં સૂકું પાન ને ગુલાબની સૂકી
પત્તી હતી!

વાત એટલી જ કે,
એ સૂકા પાન ને ગુલાબની સૂકી
પત્તીમાં,
એક લીલીછમ ચોપડી હતી!

## 40

મેં દુ:ખને બરડે,
હળવેકથી ફેરવ્યો હાથ,

ને જરી હસીને કીધું,

'દોસ્ત', થાકી જઈશ!
થોડો થાક ખાવાનું રાખ!

41

હું આવ્યો'તો તારે ત્યાં,
બધું પડતું મેલી ને!

પાછો ફર્યો, તો...
ખુદને ઠેલીઠેલી ને!

42

મોરનું ગળું બેસી ગયું,
ટહુકી ટહુકીને!

એક વાદળી...
જાણે કૉલેજની L.R. ના હોય,
ના વરસી... તે ના વરસી!

## 43

હશે કોઈ આગલા ભવની,
લેણા-દેણી મારા ભાઈ!

ઉધાર તો કાંઈ લીધું નથી,
તો ય...
એમનાં દેવાં ચૂકવું છું!

## 44

રાત આખી વરસાદ પડ્યો!
આંખો...
ચોમાસાની રાહ, નો જુએ!

45

પીઠ પર ખંજરનો ઘા
ભૂરા, ભૂલી બી જાતે!
પણ...
એ ખંજર પાછળ રણકેલો,
ચૂડીનો ઝંકાર...
કેમનો ભુલાશે?

46

એમ તો રંગો,
મને ય ગમે છે!
બસ બદલાતા રંગો,
મગજમાં ભમે છે!

## 47

દરવાજો મારો...
દસ્તાવેજ!

ટકોરો તારો...
દસ્તખત!

## 48

રસ્તાની વચ્ચોવચ,
બાળક દોટ કાઢી બેઠો!

પતંગ પકડી પાડ્યો...
પણ, આકાશ ખોઈ બેઠો!

## 49

વરસો જોડે રહીને,
સ્પર્શ થઈ જાય શીતળા સાતમ!
ને વરસો પહેલાંનો,
ખોવાયેલો સ્પર્શ મળે,
તો ટેરવે ટેરવે... જન્માષ્ટમ!

## 50

"બાપુ,
ગઝલ્યું છંદમાં લખવાનું ફાવે?"
"ભૂરા,
PPE Kit પહેરી, બકી કરવાનું ફાવે?"